રાજકારણમાંથી થોડા સમય માટે બ્રેકની ભરતસિંહની જાહેરાત

ગુજરાત કોંગ્રેસને વધુ એક આંચકો : સામાજિક પ્રક્રિયા કેટલીક જ્ઞાતિ માટેના પ્રવાસ પ્રચાર માટે સમય આપીશ, હાલ કરતા વધુ સમય આપીશ : ભરતસિંહ

અમદાવાદ, તા.૩

ભરતસિંહ સોલંકીએ કથિત વીડિયો અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને મોટા ખુલાસા કર્યા છે. જેમાં તેમણે મોટી જાહેરાત કરી છે. તેમણે જાહેરાત કરી

કે, સક્રિય રાજનીતિમાંથી હું થોડો સમય બ્રેક લેવાનો છું. સામાજિક સંગઠન માટે હું કામ કરતો રહીશ. વાયરલ વીડિયો અંગે ભરતસિંહ સોલંકીએ પત્રકાર પરિષદ કરીને ખુલાસા આપ્યા હતા. જેમાં તેમણે પત્ની પર અનેક આક્ષેપો કર્યા અને સાથે જ વીડિયોમાં દેખાતી યુવતી વિશે પણ ખુલાસા કર્યા હતા.

તેમણે પત્રકાર પરિષદમાં કહ્યુ કે, મેં એવો વિચાર કયો છે કે, સીધા પોલિટિક્સમાંથી બ્રેક લેવાનો છું. પરંતુ સામાજિક પ્રક્રિયા કેટલીક જ્ઞાતિ માટેના પ્રવાસ પ્રચાર માટે સમય આપીશ. હાલ કરતા વધુ સમય આપીશ. હું નાના સમય માટે બ્રેક લઈ રહ્યો છું.

ધારાસભ્ય કિરીટ પટેલે ભરતસિંહ સોલંકીના રાજકીય સંન્યાસ વિશે કહ્યુ કે, તેઓ માત્ર થોડો સમય દૂર રહેવાના નથી, પરંતુ આરામ કરવાના છે. તેઓ કાયમ માટે દૂર નહિ થાય. તેઓ કોંગ્રેસ સાથે તો સંકળાયેલા જ છે. તેમણે કોંગ્રેસ પાર્ટી છોડવાની વાત નથી કરી. વાયરલ વીડિયો અંગે ભરતસિંહ સોલંકીએ ખુલાસો કરતા કહ્યુ કે, આઈસક્રીમ ખાવા માટે હું યુવતીના ઘરે ગયો હતો. જરૂર પડશે તો આ વીડિયો મુદ્દે લીગલ કાર્યવાહી થશે. ભરતસિંહના અંગત જીવનના પ્રશ્નો પૂછતા તેમના ટેકેદારો નારાજ થયા હતા, અને પત્રકાર પરિષદમાં હોબાળો મચાવ્યો હતો.

ભુજથી અમદાવાદ સીધી ફ્લાઈટની સેવાનો પ્રારંભ

પ્રથમ ઉડાનને વોટર સેલ્યુટ અપાયું : ૫૦ સીટરની સ્ટાર એરની ફ્લાઇટ શરૂ કરવામાં આવી, જેના ટિકિટનો લઘુતમ ચાર્જ રૂ.૧૯૪૯ નક્કી કરવામાં આવ્યો

ભુજ, તા.૩

કચ્છમાં "ઉડાન"સ્કીમ અંતર્ગત વધુ એક ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. ભુજ થી અમદાવાદ સીધી ફ્લાઈટની સેવાનો પ્રારંભ કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ કરાવ્યો હતો.સ્ટાર એરની ફ્લાઈટ શરૂ થતાં કચ્છના લોકોને પરિવહનમાં મોટી રાહત મળશે. ભુજથી અમદાવાદની પ્રથમ ઉડાનને એરપોર્ટ પર ફાયર ફાઈટરોએ વોટર સેલ્યુટ આપ્યું હતું. આપને એ પણ જણાવી દઈએ કે સ્ટાર એર દ્વારા ૫૦ સીટર વિમાનની સેવા શરૂ કરાઈ છે. લઘુતમ ચાર્જ રૂ.૧૯૪૯ નક્કી કરવામાં આવ્યો છે.

કચ્છથી અમદાવાદનું અંતર ખૂબ જ લાંબુ છે. તે વચ્ચે આજે શરૂ થયેલી આ ઉડાન યોજના કચ્છવાસીઓને ખૂબ લાભદાયક સાબિત થશે. અહીં અમદાવાદ અને અમદાવાદથી અન્ય દેશ કે રાજયમાં જવું સરળ બનશે. સાથે જ જાહેરાત કરતાં સાંસદ વિનોદ ચાવડાએ પણ જણાવ્યું હતું કે આ હોસ્પિટલમાં ઈમરજન્સી સારવાર માટે જો સુવિધાની જરૂર પડશે તો ઉપયોગ કરવામાં આવશે.એરપોર્ટ ઈન્ડિયા ઓથોરીટી દ્વારા એક એર એમ્બ્યુલન્સની સેવા પણ આપવામાં આવી છે જેમાં લિફ્ટ સહિતની તમામ હાઈટેક સુવિધા છે જેનો ફાયદો પણ મળશે.આ ફ્લાઈટ શરૂ થવાથી પ્રવાસનને પણ વેગ મળશે તે વાત પર પ્રકાશ પાડયો હતો.

કચ્છમાં "ઉડાન"સ્કીમ અંતર્ગત વધુ એક ફ્લાઈટ શરૂ થઈ છે. રાજ્ય સરકારે ૬ રૂટ પર એર કનેક્ટિવિટી સ્થાપિત કરી છે જેમાં રાજકોટ-પોરબંદર, અમદાવાદ-કંડલા, સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ, સુરત-અમરેલી અને સુરત-ભાવનગરનો સમાવેશ થાય છે. તેમાં હવે અમદાવાદ અને ભુજ વચ્ચેની એર કનેક્ટિવિટી સર્વિસનો આજથી પ્રારંભ થઈ ગયો છે.

જિજ્ઞેશ મેવાણી સહિત તમામ ૧૦ના મહેસાણા સેશન્સ કોર્ટે મંજૂર કર્યા જામીન

ગુજરાતની હદ ન છોડવાની શરતે તેમજ આરોપીઓએ પોતાનો પાસપોર્ટ પોલીસમાં જમા કરાવવો પડશે

મહેસાણા, તા.૩

મહેસાણામાં વર્ષ ૨૦૧૭માં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં પરવાનગી વિના આઝાદીકૂચ રેલી કાઢવામાં આવી હતી. જે મામલે વડગામ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી, રેશમા પટેલ સહિત ૧૦ લોકોને મહેસાણા કોર્ટે ગત પમી મેના રોજ ૩ માસની સજા ફટકારી હતી. જો કે, આજે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી, રેશમા પટેલ સહિત અન્ય ૬ લોકોને કોર્ટે ગુજરાતની હદ ન છોડવાની શરતે શરતી જામીન મંજૂર કર્યા છે. તેમજ આ કેસના ૦૫મી મેના રોજ જિજ્ઞેશ મેવાણી સહિત તમામ ૧૦ લોકોને ૩ માસની સજા અને રૂ. ૧૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ત્યારે આજે સેશન્સ કોર્ટે આ તામામ આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા છે. જેમાં જિજ્ઞેશ મેવાણી, રેશ્મા પટેલ , કૌશિક પરમાર, સુબોધ પરમાર, અન્ય ૬ આરોપીઓને ગુજરાતની હદ ન છોડવાની શરતે જામીન આપ્યાં છે.ગુજરાતની હદ ન છોડવાની શરતે જામીન આપ્યાં છે. તેમજ આ કેસના તમામ આરોપીઓએ પોતાનો પાસપોર્ટ પોલીસમાં જમા કરાવવો પડશે.

૧૨ જુલાઈ, ૨૦૧૭ના રોજ ઉનાકાંડની પહેલી વરસી પર ધારાસભ્ય મેવાણી અને તેના ૧૦ સહયોગીઓએ મહેસાણાથી બનાસકાંઠાના ધાનેરા સુધી "આઝાદી કૂચ"નું નેતૃત્વ કર્યું હતું. કનૈયા કુમાર અને રેશમા પટેલ પણ તેમની સાથે જોડાયા હતા.

જેને લઈને મહેસાણા પોલીસે તેમની સામે ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ હેઠળ ગેરકાનૂની રીતે ભેગા થવાનો કેસ નોંધ્યો હતો કારણ કે તેમને માર્ચ યોજવાની પરવાનગી આપવામાં આવી ન હતી.

અમદાવાદના ભક્તે માતાજીને સવા પાંચ લાખનો સુવર્ણ મુગટ અર્પણ કર્યો

અંબાજીમાં સુવર્ણમય શિખરની કામગીરીમાં માઇભક્ત દ્વારા મા અંબાને ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરાયું હતું

બનાસકાંઠા, તા.૩

યાત્રાધામ અંબાજીમાં અનેક ભક્તો દરરોજ માતાજીના દર્શન કરવા આવે છે. જેમાંથી કેટલાય ભક્તો માતાજીને અનેક વસ્તુઓ દાનમાં આપે છે. ત્યારે અમદાવાદના એક માઈભક્તે માતાજીને સોનાનો મુગટ દાન કર્યો હતો. પવિત્ર યાત્રાધામ અંબાજીમાં દાનની સરવણી અવીરત ચાલું છે. યાત્રાધામ અંબાજી ગોલ્ડન ટેમ્પલ તરીકે અગ્રેસર જોવા મળી રહ્યું છે. માઈભકતો દ્વારા સોનાના દાનનો અવિરત પ્રવાહ ચાલું રાખવામાં આવ્યો છે. જેમાં આજે અંબાજી મંદિરને એક ભક્ત દ્વારા સોનાનો મુગટ દાનમાં આપવામાં આવ્યો છે. અમદાવાદના માઇ ભક્તે ૫.૧૮ લાખની કિંમતનું ૧૧૮.૭૫ ગ્રામ જેટલા સોનાનું મુગટનું દાન કર્યુ હતું. અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે. અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે. અનેક શ્રદ્ધાળુઓની માનતા પુરી થતાં પણ સોનું ચઢાવી રહ્યા છે. ત્યારે થોડા દિવસો પહેલા લુણાવાડાના માઈભક્તે મા અંબાને સોનાનો મુગટ ભેટ ધર્યો હતો. પરિવારે માતાજીના દર્શન પૂજા અર્ચના કરી રૂ.૩,૪૮,૬૭૨ કિંમતનો ૭૨.૬૪૦ મિલીગ્રામ વજનનો સુવર્ણ મુગટ માતાજીના ચરણમાં ભેટ ધર્યો હતો અને ધન્યતા અનુભવી હતી. જોકે માઈ ભક્તે પોતાનું નામ જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો. માં અંબાના ધામમાં અનેક શ્રદ્ધાળુઓ ગુપ્તદાન પણ કરતા હોય છે.યાત્રાધામ અંબાજીમાં સુવર્ણમય શિખરની કામગીરીમાં માઈભક્ત દ્વારા મા અંબાને ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરાયું હતું.

મુખ્યમંત્રીના આગમન પૂર્વે મીડિયા અને પોલીસકર્મીઓ વચ્ચે ઘર્ષણ

રાજકોટમાં મીડિયાકર્મી સાથે ગેરવર્તણૂંક : કાઇમ બ્રાન્ચ DCP પાર્થરાજસિંહને તપાસ સોંપાઇ, બે દિવસમાં તપાસ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો

રાજકોટ, તા.૩

રાજકોટના હિરાસર એરપોર્ટ ખાતે ઝરૂભૂપેન્દ્ર પટેલના આગમન પહેલાં DCP ઝોન-૧ પ્રવીણકુમાર મીણાએ પત્રકારો સાથે ગેરવર્તણૂંક કરી હતી. ત્યારે આ મામલે હવે કાઇમ બ્રાન્ચના DCP પાર્થરાજસિંહને તપાસ સોંપાઇ છે. આ સમગ્ર વિવાદને લઇને તપાસનો રિપોર્ટ તૈયાર કરવા આદેશ અપાયો છે. માત્ર બે દિવસની અંદર તપાસ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો. આજ રોજ DCP ઝોન-૧એ હિરાસર એરપોર્ટ પર પત્રકારો સાથે ગેરવર્તણૂંક કરી હતી. ઉલ્લેખનીય છે કે, આજ રોજ રાજકોટમાં ઝરૂના આગમન પૂર્વે મીડિયા અને પોલીસકર્મીઓ વચ્ચે ઘર્ષણ થયું. DCP ઝોન-૧ પ્રવીણકુમાર મીણાએ ગેરવર્તણૂંક કરતા ખુદ ઝરૂએ દિલગીરી વ્યક્ત કરવી પડી હતી. DCP ઝોન-૧એ પત્રકારોને ડિટેઇન કરવા સુધીની ધમકી આપી. જો કે, રાજકોટના ઢઝઁ સાહેબના ગુસ્સાને કારણે ઝરૂએ દિલગીરી વ્યક્ત કરવી પડી હતી. મુખ્યમંત્રીએ દિલગીરી વ્યક્ત કરતા કહ્યું કે, 'જે થયું છે તે માટે હું દિલગીર છું. પણ હવું નવું ના થાય એવું ધ્યાન રાખીશું. બીજી વખત ના થાય એનું ધ્યાન રાખીશું.'

જણાવી દઇએ કે, રાજકોટ ખાતે નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેક્ટ હિરાસર એરપોર્ટના કામગીરીની સમીક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટ આવવાના હતાં. ત્યારે તેના કવરેજ માટે મીડિયાકર્મીઓ હિરાસર એરપોર્ટ ખાતે પહોંચ્યા હતાં. પરંતુ ત્યાં DCP ઝોન-૧એ મીડિયા અહીં કેવી રીતે પહોંચ્યું કહેતા મીડિયાકર્મી સાથે ગેરવર્તણૂંક કરી હતી. ACP અને DCP ઝોન-૧ને મીડિયાકર્મીઓએ કહ્યું હતું કે તેઓને અહીં તંત્ર લઇને આવ્યું છે. તેમ છતાં તેઓ કોઇનું સાંભળવા જ તૈયાર ન હોતા. જેના કારણે ખાખી જાણે કે મીડિયાકર્મીઓ આતંકવાદી હોય તેમ ગુસ્સો ઉતારતા હતાં.

હિરાસર એરપોર્ટ ખાતે ત્રણ ગાડી લઇને ગયેલા પત્રકારોને ડિટેઇન કરવાની રીતસરની ધમકી આપવામાં આવી હતી. તે ઉપરાંત એક કેમેરામેનની કારની ચાવી પણ લઇ લેવાઇ હતી.

બનાસકાંઠામાં વધુ એક શૌચાલય કૌભાંડ : કાગળ પર બનેલા શૌચાલયો અસ્તિત્વમાં ન હોવાના આક્ષેપો

ગામમાં ૧૩૮ લાભાર્થીને શૌચાલય બનાવવાની સહાય અપાઇ, મોટાભાગના લાભાર્થીએ જાતે શૌચાલય બનાવ્યા : ડીસાના ગેનાજી ગોળીયા ગામે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા શૌચાલય કૌભાંડની તપાસનો ધમધમાટ : ૧૩૮ શૌચાલયની તપાસ કરી રિપોર્ટ રજૂ કરવાનો આદેશ

બનાસકાંઠા, તા.૩

જિલ્લામાં વધુ એક શૌચાલય કૌભાંડ સામે આવ્યું છે. બનાસકાંઠાના ડીસાના ગેનાજી ગોળીયા ગામે કાગળ પર બનેલા શૌચાલયો ખરેખર અસ્તિત્વમાં ન હોવાના આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરાતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તપાસના આદેશો અપાયા હતા. જો કે તે બાદ આજે જિલ્લા વિકાસ અધિકારી સહિત તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી અને ગામમાં બનેલા શૌચાલયોનું જાત નિરીક્ષણ કર્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દરેક ઘરે શૌચાલય બનાવવાની યોજનાઓ ઘડીને લાભાર્થીઓને શૌચાલય બનાવવા સહાય અપાઈ રહી છે. પરંતુ જે પ્રકારે બનાસકાંઠા જિલ્લામાં એક બાદ એક શૌચાલય કૌભાંડો સામે આવી રહ્યા છે. જિલ્લામાં અનેક શૌચાલયો કૌભાંડો બહાર આવ્યા બાદ વધુ એક શૌચાલય

કૌભાંડ ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામે સામે આવ્યું છે. ગેનાજી ગોળીયા ગામના એક જાગૃત નાગરીક દ્વારા ગામમાં બની રહેલા શૌચાલયોમાં કૌભાંડ આચરાયું હોવાના આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ સમગ્ર મામલે તપાસના આદેશ અપાયા હતા. જો કે પ્રાથમિક તપાસમાં જ કૌભાંડ હોવાનું ધ્યાને આવતા જિલ્લા વિકાસ અધિકારીએ આ બાબતે તપાસ તેજ કરતાં ગેનાજી ગોળીયા ગ્રામ પંચાયતના તલાટી, સરપંચ અને સખી મંડળના કર્મચારીઓ-અધિકારીઓમાં ફફડાટ પ્રસર્યો છે. બીજી તરફ પ્રાથમિક તપાસને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારી પોતે પોતાની ટીમ સાથે ગેનાજી ગોળીયા ગામે પહોંચ્યા અને કેટલાંક લાભાર્થીઓના ઘરે પહોંચી જાત નિરીક્ષણ પણ કર્યું.

શૌચાલય માટે ફોર્મ ભર્યું હતું પરંતુ હજુ પૈસા મળ્યા નથી લાભાર્થીમાં મારૂ નામ આવી ગયું છે. છતાં પૈસા મળ્યા નથી તેવો પણ આક્ષેપ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી તેમજ તેમની ટીમ દ્વારા ગામમાં પહોચી તપાસ કરાતાં અનેક શૌચાલયોમાં ગેરરીતિઓ બહાર આવી કેટલાંક એક જ પરિવારો વચ્ચે બે ત્રણ શૌચાલયો બની ગયા તો કેટલાંક શૌચાલયો ફક્ત કાગળ પર જ બન્યા. બીજી તરફ કેટલાક જુના શૌચાલયોને પણ નવા શૌચાલયો બતાવીને સરકારના સહાયના પૈસા ચાઉ કરી જવાનો તખતો સામે આવ્યો. મહત્ત્વની વાત એ છે કે ગેનાજી ગોળીયા ગામમાં ૧૩૮ લાભાર્થીઓને શૌચાલય બનાવવાની સહાય અપાઈ છે. જેમાંથી મોટાભાગના લાભાર્થીઓએ જાતે શૌચાલય બનાવતા તેમના શૌચાલયો ગાયત્રી સખી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યાં હતા, પરંતુ તેમાંથી મોટાભાગના શૌચાલયોમાં કાગળ ઉપર બન્યા છે તો કેટલાક પરિવારોમા એકની જગ્યાએ બે-ત્રણ લાભાર્થીઓને લાભ મળ્યા છે.

ગુજરાતમાં જોવા મળશે થંડર સ્ટ્રોમ એક્ટિવિટી

કેરળમાં ચોમાસું પહોંચી ગયું છે : થંડર સ્ટ્રોમ એક્ટિવિટીની અસર રહેશે, આ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વાવાઝોડાની અસર જોવા મળવાની છે

અમદાવાદ,તા.૩

કેરળમાં ચોમાસું પહોંચી ગયું છે અને નજીકના સમયમાં તે ગુજરાત પહોંચશે, જોકે આ પહેલા હવામાનમાં પલ્ટો આવી રહ્યો છે. ૫ દિવસ સુધી ગરમીથી છૂટકારો મળ્યા પછી ફરી બે દિવસથી આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. જોકે, આગામી દિવસોમાં ગરમીનું જોર ઘટવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. હવે રાજ્યના કેટલાક ભાગોમાં થંડર સ્ટ્રોમ એક્ટિવિટી રહેશે. આ સિવાય જાણો રાજ્યમાં વરસાદ અંગે હવામાન વિભાગ શું કહી રહ્યું છે. રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં થંડર સ્ટ્રોમ એક્ટિવિટીની અસર રહેશે. રાજ્યમાં ફરી એકવાર ગરમીનું પ્રમાણ વધ્યું છે જેમાં આગામી ૧-૨ દિવસમાં ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના કેટલાક ભાગોમાં હળવી થંડર સ્ટ્રોમ એક્ટિવિટી રહેવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદના હવામાન વિભાગના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં મોટાભાગે હવામાન સૂકું રહેશે. જોકે, આગામી બે દિવસ સુધી ક્યાંક હળવા થંડર સ્ટ્રોમ એક્ટિવિટી રહેશે. દક્ષિણ ગુજરાતના દમણ, વલસાડ, દાદરાનગર હવેલી અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર જેવા વિસ્તારોમાં પણ થંડર સ્ટ્રોમ એક્ટિવિટી રહેવાની સંભાવના છે. આ સિવાય તેમણે જણાવ્યું કે હવામાનમાં કોઈ મોટો ફરક હાલ થવાની સંભાવના નથી. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાની સંભાવના છે. આગામી દિવસોમાં ગરમીનું જોર ઘટવાની સંભાવના પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, હમણાં હવામાન વિભાગ દ્વારા વરસાદ અંગે આગાહી કરવામાં આવી નથી, રાજ્યમાં આ વર્ષે ચોમાસું વહેલું આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી તેઓ માહોલ સર્જાયો નથી.

સ્થળ પસંદગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોમાં વસવાટની સુવિધા મળી છે. જયારે જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવાની યોજના અન્વયે છેલ્લા ઘણાં સમયથી સાઈટની પસંદગી કરવામાં આવતી નથી. એકબાજુ જુના આવાસો તોડયા બાદ ખુલ્લી જગ્યા અંગે સર્વે હાથ ધરી ઉચ્ચ કક્ષાએ પણ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતુ જયારે અગાઉ મુખ્યમંત્રી કક્ષાએથી પણ શહેરમાં ૧૪૦૦ જેટલા નવા આવાસો બાંધવા માટે જાહેરાત કરવામાં આવી હતી શહેરમાં સરકારી આવાસોની ઘટના લીધે કર્મચારી વર્ગ પરેશાન છે. ત્યારે નવા આવાસો બાંધવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલ સે-૬ માં પણ હજુ નવા મકાનો તૈયાર થઈ રહ્યા છે. ત્યારે હાલ અન્ય સેકટરોમાં પણ નવી ટાવર કોલોની બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. તંત્ર કક્ષાએથી રજુ કરાયેલા જગ્યાના રીપોર્ટના અંતે સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે આખરી નિર્ણય ટુંકમાં લેવાશે જયારે હાલની સ્થિતિએ શહેરના સે-૨૨ , સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવા માટે કામ હાથ ધરાશે જેમાં ચ કક્ષાના ૧૬ ટાવર તેમજ જ કક્ષાના ૩૪ ટાવર સહીત કુલ ૧૪૦૦ જેટલા મકાનો તૈયાર કરવા માટે પણ ટુંકમાં આ સેકટરોમાં જગ્યાની પસંદગી કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમા જુના અને જોખમી આવાસો તોડવા માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવે તે પણ અનિવાર્ય છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો જોખમી મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે આવાસોની ઘટના લીધે હાલ પ્રતિક્ષા યાદીને ઓપરેટ કરવાનુ પણ વિભાગ માટે મુશ્કેલ બન્યુ છે. ત્યારે નવા આવાસો પણ ઝડપથી બનાવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.

ઘટાડો આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહીમાં માંડ એકાદવાર ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર જોવા મળ્યો હતો. લાંબા સમયથી મહત્તમ તાપમાન પણ ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા દિવસના આકરા તાપથી પ્રભાવિત નગરજનો હવે ગરમીનો કહેર ઓછો થાય તેમ ઈચ્છી રહ્યા છે. બીજીતરફ જુન શરૂ થતા ઝડપથી વરસાદી વાયરો પણ ઠંડક આપે તેવી પણ લાગણી પ્રબળ બની છે. હવામાન તજજ્ઞોનાના મતે શનિવારથી ગરમીનો પ્રકોપ ઘટશે જેમાં મહત્તમ તાપમાન એકાદ ડીગ્રી નીચે જશે.

સસ્તા બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની દુકાનો ખોલીને દર્દીઓને દવાઓ વેચે છે. નાના શહેરો અને ગામડાઓના ગરીબ લોકોને મોંઘી સરવારના નામે ખિસ્સા ખાલી કરવા પડે છે. પરંતુ, હવે નેશનલ મેડિકલ કમિશન દ્વારા કરવામાં આવેલા નવા ફેરફારો દર્દીઓને મોટી રાહત આપે તેવી શક્યતા છે. જો કે, ક્લિનિક્સ ચલાવતા ડોકટરોને તેમના દર્દીઓ માટે દવાઓ વેચવા પર પ્રતિબંધ નથી. એનએમસીની ની નવી ગાઈડલાઈન અનુસાર, ડોકટરો ખુલ્લી દવાની દુકાન નહીં ચલાવી શકે અથવા તબીબી સાધનો વેચી શકતા નથી. તે ફક્ત તે જ દવાઓ વેચી શકે છે, જેની તે પોતાની સારવાર કરી રહ્યા છે. આ સાથે દ્વસ્છએ હવે ડોકટરોને પ્રિસ્ક્રિપ્શન પર રજીસ્ટ્રેશન નંબર તેમજ ફી એડવાન્સમાં જણાવવા સૂચના આપી છે. દ્વસ્છએ કહ્યું છે કે ધર્મના આધારે કોઈપણ દર્દીને સારવાર આપવાનો ઈનકાર કરી શકાય નહીં. હવે નસબંધી કરાવવાના કિસ્સામાં પતિ-પત્ની બંનેની પરવાનગી લેવી ફરજિયાત રહેશે. તે જ સમયે, પ્રથમ વર્ષથી અંતિમ વર્ષ સુધીના મેડિકલ વિદ્યાર્થીઓએ જણાવવું પડશે કે તેઓ વિદ્યાર્થીઓ છે, ડોકટર નથી. દેશમાં આઝાદી પહેલા પણ ઘણા એવા કાયદા છે, જેમાં ડોકટરોને દર્દીઓને દવાઓ આપવાની છૂટ આપવામાં આવી છે. જો કે, તે સમયે દેશમાં દવાની દુકાનો ઓછી હતી અને ડોકટરોએ પણ સેવાની ભાવનાનું ધ્યાન રાખ્યું હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પણ આને મંજૂરી આપે છે. નાના શહેરોમાં આ જોગવાઈ એટલા માટે કરવામાં આવી હતી કારણ કે ડોકટરો ઘરે ગયા પછી પણ દર્દીની સારવાર કરે છે.

મંકી પોક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે તેની ઝડપથી તપાસ કરવી જોઈએ અને તેના પર નિયંત્રણ મેળવવા માટે ઝડપી ગતિએ કાર્ય કરવું જોઈએ. અત્યાર સુધીના રિપોર્ટના આધારે એવું કહી શકાય છે કે મંકીપોક્સનું સંક્રમણ યૌન ગતિવિધિઓના માધ્યમથી ફેલાઈ રહ્યું છે.

મંકીપોક્સથી સંક્રમિત થઈ રહેલા મોટાભાગના લોકોમાં પુરુષ સાથે યૌન સંબંધ રાખનાર પુરુષ સામેલ છે. પરંતુ, હજુ સુધી એવું પણ સ્પષ્ટ નથી કે શું મંકીપોક્સ વાયરસ વીર્ય અથવા યોનિના તરલ પદાર્થના માધ્યમથી એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં પણ ફેલાઈ શકે છે કે નહીં?

વિશ્વ આરોગ્ય સંગઠન મુજબ, વર્ષ ૧૯૭૦માં પહેલી વખત મનુષ્યોમાં મંકીપોક્સનો કેસ સામે આવ્યો હતો. તે પછી આફ્રિકાના ૧૧ દેશોમાં તેની પુષ્ટી થઈ ચૂકી છે. ડબલ્યુએચઓનું માનીએ તો, મંકીપોક્સના લક્ષણ ૬થી ૧૩ દિવસમાં દેખાવા લાગે છે, જેમાં તાવ આવવો, સખત માથું દુખવું, પીઠ અને માંસપેશીઓમાં દુખાવાની સાથે અતિશય નબળાઈ સામેલ છે. સંક્રમિત વ્યક્તિના શરીર પર મોટા-મોટા દાણા નીકળે છે. હાલ તેની કોઈ સચોટ સારવાર ઉપલબ્ધ નથી. પરંતુ, અછબડાની વેક્સીનને મંકીપોક્સ સામે અસરકારક મનાય છે.

તાજેતરના મામલામાં મુખ્ય રીતે સજાતીય સંબંધ ધરાવતા પુરુષ સામેલ છે. યુકેએચએસએના ચીફ હેલ્થ એડવાઈઝર સુસાન હોપકિંસએ કહ્યું હતું કે, અમે સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી અને સલાહ આપવા માટે કેસોને નજીકથી જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. મંકીપોક્સની ઝપેટમાં આવનારા મોટાભાગના દર્દીઓ થોડા સપ્તાહમાં જ સાજા થઈ જાય છે. આ બીમારી દુર્લભ કેસમાં જ ઘાતક સાબિત થાય છે. આ બીમારીએ તાજેતરના કેટલાક વર્ષોમાં મધ્ય અને પશ્ચિમ આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં હજારો લોકોને પોતાની ઝપેટમાં લીધા છે. પરંતુ યુરોપ અને ઉત્તર આફ્રિકામાં તે એટલી ઘાતક સાબિત થઈ નથી.

પુષ્કર ધામી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મત, અપક્ષ ઉમેદવાર હિમાંશુ ગરકોટીને ૩૯૯ મત મળ્યા છે. જ્યારે ૩૭૨ મત નોટામાં પડ્યા છે. ટકાવારીમાં જોઈએ તો ભાજપના ઉમેદવાર પુષ્કર સિંહ ધામીને ૯૨.૯૪ ટકા મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવારને ૫૦૧૬ ટકા, સપાના ઉમેદવારને ૦.૬૬ ટકા અને અપક્ષ ઉમેદવારને ૦.૬૪ ટકા મત મળ્યા. ૦.૬ ટકા મત નોટામાં પડ્યા.

સંવેદનનું સ્ટેટ્સ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ફર્યું છે. આ ભારતની ધરતી સૃષ્ટિની પારાવાર પ્રજાઓને અને વ્યક્તિઓને એમની સાધનાઓ અને પિપાસાઓનાં ફળ આપતી રહી છે."

"આપણે આધુનિક બનવામાં બહુ વાર લગાડીએ છીએ.ત્રણ હજાર માઈલનો સમુદ્રતટ હોવા છતાં આપણાં રાજ્યોએ નૌકાદળની પ્રણાલી ખીલવી નહીં. ગઝની અને ઘોરીના ઘોડાઓ આપણાં મેદાનો જીતી ગયા. બાબરની તોપોએ ભારતનું તકદીર સીવી લીધું. અંગ્રેજોના જહાજોએ આપણું ભવિષ્ય ઘૂંટી નાખ્યું. પણ આપણે આપણા યુદ્ધહાથીઓ અઢારમી સદી સુધી છોડ્યા નહિ, ઓગણીસમી સદી સુધી આપણાં ઢાલ-તરવાર છૂટ્યાં નહીં. સમુદ્ર ઓળંગીને આપણે જોયું નહિ - દુનિયા કઈ દિશામાં જઈ રહી છે. બેહોશીમાંથી કળ વળતાં આપણે સદીઓ ગુજરવા દીધી. આપણી શાંતિપ્રિયતાને આપણે નપુંસકતા સુધી સડવા દીધી. વૃદ્ધત્વને, જડત્વને, વાસ મારી ગયેલી પ્રણાલિકાને આપણે મૂર્તિપૂજાના સ્વરૂપમાં ફેરવી નાખી."

" આક્રમણ એ સંરક્ષણનો જ ભાગ છે. યુદ્ધ એ શાંતિનું જ અંગ છે. શૌર્ય એ ઔદાર્યનો જ એક હિસ્સો છે. અહિંસા શીખતાં પહેલાં પ્રતિહિંસા શીખવી એ આપણા અસ્તિત્વ માટે અત્યંત જરૂરી છે. નવસર્જન માટે સંહાર પણ લાઝમી બની જાય છે.આ આપણો ઈતિહાસબોધ છે."

ઐતિહાસિક બેકગ્રાઉન્ડ અને અદ્ભુત પાત્રાલેખન થકી આપણા જ અતીતથી આપણને ઉજાગર કરાવતી આ નવલકથા ગુજરાતી કથા સાહિત્યની એક અણમોલ સોગાદ છે..

(rrthakkar2@gmail.com)